Letter No: SJED/0144/05/2023 Dt: 06-05-2023

મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩ (કચેરીની જનરલ કામગીરી) ની સાત નવી જગ્યાઓનું મહેકમ ઉભું કરવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

<u>નવી બાબત : વર્ષ-૨૦૨૩-૨૪</u>

<u>રકમ - ૩.૩૨.૦૦ લાખ</u>

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : **SJED/NIR/e-file/17/2023/0043/J**,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ :૦૬-૦૫-૨૦૨૩

**વંચાણમાં લીધા:-**

(૧) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક : અજાક-મકમ-૨-૬૪૭-૨૦૨૩-ક, તા.૨૯-૦૩-૨૦૨૩.

**આમુખ:-**

નિયામકશ્રી,(અ.જા.ક.)એ વંચાણે લીધેલ ક્રમ(૧) પરના તેઓના તા.૨૯-૦૩-૨૦૨૩ના પત્રથી, નવા રચાયેલ સાત જિલ્લાઓમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના નાયબ નિયામકશ્રીની કચેરી માટે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩ (કચેરીની જનરલ કામગીરી) ની સાત નવી જગ્યાઓ ઉભી (મંજૂર) કરવા અંગેની ૩.૩૨.૦૦ લાખની બજેટ જોગવાઈ થયેલ સદર નવી બાબતને, વહીવટી મંજૂરી આપવા અંગેની દરખાસ્ત મોકલી આપેલ. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉપર્યુક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે, નવા રચાયેલ સાત જિલ્લાઓમાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના નાયબ નિયામકશ્રીની કચેરી માટે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩ (કચેરીની જનરલ કામગીરી) ની સાત નવી જગ્યાઓ ઉભી (મંજૂર) કરવા અંગેની ૩.૩૨.૦૦ લાંખની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૨) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજૂરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજૂરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૩) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ એ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રતા આપવાની રહેશે.

(૪) આ જગ્યાઓ પર નિમણૂક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૫) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની

પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૬) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ એ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ (કરકસર પ્રભાગ) ની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | માંગણી નંબર | ૯૫ |
| ૨ | સેકટર | સામાજીક સેવાઓ. |
| ૩ | સબ સેકટર | અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ. |
| ૪ | મુખ્ય સદર | ૨૨૨૫-અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ. |
| ૫ | પેટા મુખ્ય સદર | ૦૧ – અનુસૂચિત જાતિઓનું કલ્યાણ |
| ૬ | ગૌણ સદર | ૦૦૧ – નિર્દેશ અને વહીવટ |
| ૭ | પેટા સદર | SCW-23 તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું. |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૨-૦૫-૨૦૨૩ની નોંધથી

મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(હેતલ ગોહેલ)

સેક્શન અધિકરી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.વ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ -વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૩